# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

"રાજીવ ગાંધી ભવન", એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨,૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૭૯૫૮૯
website : www.gujratcongress.org• E-mail: gpcc1234@gmail.com


---

અખબારી યાદી તા. ૧૨-૦૭-૨૦૨૨

- **કેન્દ્ર સરકાર પાસે મારી માંગ છે કે Dr C T Patel ને મરણોત્તર "પદ્મવિભુષણ" નુ સન્માન આપી નવાજવામા આવે અને ચાર પૈકી એક કૃષિ યુનિવર્સિટીના સાથે Dr CT Patel નુ નામ જોડવામા આવે. - મનહર પટેલ**
- **કપાસની સંકર-4 કપાસના જનેતા - ચંદ્રકાંત ટી પટેલ (1917-1990) ગઈ કાલે તા.૧૧.૦૭.૨૦૨૨ ના રોજ તેમના જન્મ દિવસે તેમને સ્મરણ કરી પુષ્પાંજલી અને ભાવાંજલી અર્પિએ... - મનહર પટેલ**
- **કપાસની ખેતીના જનક Dr C T Patel ને ખેડુતો ઓળખે અને જરુર વાંચે...- મનહર પટેલ**

તા. 11-07-1917 ના રોજ ખેડા જિલ્લાના સારસા ગામે જન્મેલા ચંદ્રકાંત પટેલ (Dr CT Patel) કાપાસના વૈજ્ઞાનિક તરીકે ઓળખાય છે. તેમણે 1970માં હાઇબ્રિડ, સંકર-4 કપાસની જાત ઉગાડીને ભારતનાં કપાસનાં ઉત્પાદનને આસમાને પહોંચાડી દીધું,

કપાસની ખેતી કરતા ખેડૂતોને આર્થિક સદ્ધરતા અપાવી ગુજરાત- મહારાષ્ટ્રના કપાસના ખેડૂતોને ખુશહાલ કરી દીધા હતા.

૧૯૫૪માં તેમણે મુંબઈ યુનિવર્સિટીમાંથી પ્લાન્ટ બ્રીડિંગ અને જીનેટીક્સ વિષયમાંથી MSc ની ડિગ્રી મેળવી હતી. સુરત કૃષિ યુનિવર્સિટીમાં બે દાયકા સતત સંશોધન કરી તેઓએ ગુજરાત 67X અને અમેરિકન નેક્ટારિલેસ કપાસની જાતોનાં મિશ્રણથી એક નવી જ કપાસની હાઈબ્રીડ જાતિ, સંકર-4 કપાસનું સંશોધન કરી કપાસ ઉત્પાદન ક્ષેત્રે ક્રાંતિકારી કામ કર્યુ હતું.

કપાસ સંકર-4 ની વિશેષતા એ હતી કે, પરંપરાગત કપાસના બિયારણમાંથી 2-3 ક્વિન્ટલ ઉપજ એક હેક્ટર જમીનમાંથી મળતી એ રોકેટ ગતિએ 80-100 ક્વિંટલ-હેક્ટર જમીને મળતી થઈ. ઉત્તમ રેસેદાર કપાસના કારણે આજે પણ સંકર-4 કપાસ ખેડૂતોમાં લોકપ્રિય છે. દેશ-વિદેશની સંસ્થાઓને પોતાના જ્ઞાન-સંશોધનને લાભ આપનાર તેઓને હરિઓમ આશ્રમ એવોર્ડ ઉપરાંત ઘણાં એવોર્ડસ મળ્યા હતા.

ડો. ચંદ્રકાંત પટેલ ( Dr CT Patel) નુ 25-12-1990 ના દિને અવસાન થયું હતું. ગુજરાત સહિત કપાસ પકવતા દેશના ૬ રાજ્યોના ખેડુતોની આર્થિક ખુશહાલીનો સંપુર્ણ શ્રેય ગુજરાતના આ પનોતા પુત્ર ડો સી ટી પટેલને જાય છે. તેમને કપાસની ખેતીને નફાકારક સ્થિતિમા મુકવા પાછળ તેમની સંશોધિત કપાસ સંકર - ૪ જાત એ ખેડુતો માટે આશિર્વાદરુપ સાબિત થઇ છે, આજે તેઓ આપણી વચ્ચે નથી પરંતુ તેમની સિધ્ધિના સોપાન થકી મીઠા ફળો દેશના ખેડુતો મેળવી રહ્યા છે, ત્યારે એક ખેતીના અભ્યાસુ તરીકે અતિ આનંદ અને ગૌરવની લાગણી અનુભવુ છુ અને કેન્દ્ર સરકાર પાસે મારી માંગ છે કે Dr C T Patel ને મરણોત્તર " પદ્મવિભુષણ " નુ સન્માન આપી નવાજવામા આવે અને ચાર પૈકી એક કૃષિ યુનિવર્સિટીનુ નામ Dr CT Patel Agriculture Uni. નુ નામ આપવામા આવે..

મનહર પટેલ

મનહર પટેલ
પ્રવકતા, ગુજરાત કોંગ્રેસ